ગાંધીનગરસમાચાર

## ગુમ પતિને શોધવા તાંત્રિક સુધી પહોંચનાર બોરીજની મહિલા છેતરાઈ

# પનઘટના કલાકારોએ રાષ્ટ્રપતિ ભવનમાં ગરબો કર્યો

### પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૮

રાષ્ટ્રપતિ ભવન ખાતે નવરાત્રીનાં પમાં નોરતે યોજાયેલ ઈન્દ્રધનુષ કાર્યક્રમમાં ગુજરાતના શ્રેષ્ઠ સાત કલાવૃંદની પ્રસ્તુતિ યોજાઈ હતી. જેમાં ગાંધીનગરનાં પનઘટ કલાકેન્દ્રના ૨૦ કલાકારોએ ગરબો રજૂ કરી ઉપસ્થિત સૌ મહાનુભાવોને મંત્રમુગ્ધ કર્યા હતા.

રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી ઉપરાંત નામદાર રાજયપાલશ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિત શાહ, ગાંધીનગરના સાંસદ અને ભાજપના વરિષ્ઠ અગ્રણી શ્રી લાલકૃષ્ણ અડવાણી સહિતના ગુજરાતના રાજકીય આગેવાનો અને ગૌરવપુરસ્કૃત કલાકારોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીએ સાતે કલાવૃંદના સંચાલકોને સન્માનિત કર્યા હતા. ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના પ્રમુખ શ્રી ભાવિન પટેલનું રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજી દ્વારા સન્માન કરાયું હતું અને તમામ કલાકારોને સ્મૃતિ ચિન્હ્ આપી બિરદાવ્યા હતા.

ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના કલાવૃંદમાં સંચાલક ભાવિન પટેલની આગેવાની હેઠળ અનુપા પંડ્યા, મિતિ ભટ્ટ, હીર શુક્લ, અન્વી શાહ, ફોરમ તન્ના, ભવ્યા ભટ્ટ, મોનિકા ભાટીયા, ભૂમા દવે, ધરતી કંદોઈ, વૈદેહી પંડ્યા, વ્યોમા ભટ્ટ, ઈશા ભટ્ટ, માનસી રાવલ, અનુજા પુરોહિત, દિવ્યા પંડ્યા, નૈસર્ગી જોશી, શ્રુતિ જોશી, ખુશ્બુ ભાવસાર સહિતના કલાકારોએ ગરબો રજૂ કર્યો હતો. અને સહાયક તરીકે અંકિત પટેલે સેવા આપી હતી.

# રાજકોટમાં હાર્દિકની અટકાયતને પગલે ગાંધીનગરમાં પોલીસ સ્ટેન્ડ ટુ

ગાંધીનગર, તા. ૧૮

રાજકોટમાં ક્રિકેટ વન-ડે મેચનું આયોજન થયું હતું. તેમાં પાટીદારો સ્ટેડીયમમાં જઈને વિરોધ પ્રદર્શન કરવાના હતા. પોલીસે તમામ તકેદારી રાખી હતી કે સ્ટેડીયમમાં કોઈ વિરોધ પ્રદર્શન ન કરે..! દરમ્યાન આજે હાર્દિક પટેલે સ્ટેડીયમ તરફ કુચ કરતા સ્ટેડીયમના એક કિલોમીટર દૂરથી જ રાજકોટ એસપીએ હાર્દિકની અટકાયત કરી લીધી હતી.

**જિલ્લામાં ક્યાંય અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ એલર્ટ મોડ પર**

રાજકોટમાં થયેલી હાર્દિક પટેલની અટકાયતને પગલે ગુજરાતભરમાં પોલીસને એલર્ટ કરી દેવામાં આવી હતી. હાર્દિકની અટકાયત બાદ ક્યાંય તોડફોડ કે અન્ય અનિચ્છનીય બનાવ બને નહી તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસને ખાસ સ્ટેન્ડ ટુ રહેવા સુચના આપી દેવામાં આવી હતી. જેને પગલે ગાંધીનગર જિલ્લા પોલીસને પણ એલર્ટ મોડ પર મુકી દેવામાં આવી હતી. ગાંધીનગર પોલીસને આજે વિવિધ સંવેદનશીલ સ્થળો પર કે જ્યાં અગાઉ પાટીદાર આંદોલન વખતે ધમાલો થઈ હતી તેવા વિસ્તારોમાં સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી હતી અને રાતભર સઘન પેટ્રોલીંગ રાખવા પણ તાકીદ કરી દેવામાં આવી છે.

# મોડીરાત સુધી શહેરના માર્ગો પર ધમધમાટ

**આસોની અજવાળી રાતની રોનક નિખરી : ગરબા પુર્ણ થયા બાદ સ્વર્ણિમ પાર્ક, આઇસ્ક્રીમ પાર્લરો, સોડા શોપ્સ અને ખાણી પીણી બજારમાં ભીડ વિનર્સ ખૈલેયાઓ દ્વારા રાત્રિના જ સેલિબ્રેશન**

ગાંધીનગર તા ૧૮

નગરમાં નવરાતની ઉજવણીનો રંગ જામ્યો છે. ગરબા સમયસર પુર્ણ કરી દેવામાં આવે છે. જયારે ગરબા પુરા થયા બાદ પણ મોડીરાત સુધી નગરનુ જનજીવન ધબકતુ જોવા મળે છે. શહેરના ખાણીપીણી બજારમાં અને જાહેર સ્થળોએ રાત્રિના રોનકનો માહોલ જોવા મળે છે. જયારે ગરબા મેદાનમાં વિનર્સ બનતા ખૈલેયાઓ પણ રાત્રિના જ મિત્ર વર્તુળમાં સેલિબ્રેશન કરતા નજરે પડે છે. નગરના આઈસ્ક્રીમ પાર્લરો તેમજ સોડા સોપ્સ પણ ખૈલેયાઓ માટે હોટ સ્પોટ બની ગયુ છે. શહેરના માર્ગો ઉપર પણ મોડીરાત સુધી વાહનોનો ધમધમાટ જોવા મળે છે. નગરમાં નવરાતનો નિખાર આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે.

નગરમાં નવરાતની ઉજવણીનો અનોખો મિજાજ જોવા મળી રહયો છે. માતાજીની પુજા અર્ચના અને ગરબાની રમઝટ સાથે શહેરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. સેકટરોની શેરીઓમાં રાત્રિના ગરબાની રમઝટ જામે છે.જયારે નગરનુ નવયૌવન હીલોળે ચઢયુ છે. ત્યારે ગરબા રાત્રિના ૧૨ ના ટકોરે બંધ થઈ ગયા બાદ અનોખો માહોલ સર્જાય છે. ગરબાની રમઝટ બાદ શહેરના જાહેર સ્થળોએ નગરજનોની ભીડ જામે છે. શહેરના ખાણીપીણી બજારો તેમજ આઈસ્ક્રીમ પાર્લરો અને સોડા શોપ્સ સહીતના ઠેકાણે ટ્રેડીશનલ ડ્રેસમાં સજજ ખૈલેયાઓ સ્વાદરસિયાની જેમ વિવિધ વાનગીઓની લિજજત માણે છે. શહેરના હાર્દસમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કમાં પણ ભારેભીડ જામે છે. રાત્રિના ગરબા પુરા થયા બાદ નવલા નોરતામાં આસોની અજવાળી

રાતની રોનક છવાયેલી જોવા મળે છે. આકાશમાંથી ઉતરતા આછોરા અજવાળામાં નગરજનો હળવા મુડમાં મસ્તીના મિજાજમાં જોવા મળે છે. જયારે ગરબા દરમિયાન વિજેતા બનેલા ખૈલેયાઓ માટે પણ આ માહોલ સેલિબ્રેશન માટે ફેવરેબલ બન્યો છે. રાત્રિના ગરબામાં મળેલા ઈનામની જીતની ખુશીમાં ખૈલેયાઓ પણ મિત્રોને પાર્ટી ઓફર કરે છે. નવરાતની ઉજવણી દરમિયાન નગરમાં અનોખો પારિવારિક માહોલ જોવા મળે છે.

# જિલ્લા તાલુકા પંચાયતો માટે ૨૦મીથી ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા આરંભાશે

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા તાલુકા પંચાયતો માટે ભાજપ દ્વારા ૨૦મીથી ઉમેદવાર પસંદગી પ્રક્રિયાનો ધમધમાટ શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીઓ આગામી ડીસેમ્બરમાં યોજાનારી હોઈ હવે ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા તેજ બનાવી દેવામાં આવી છે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૨૦મીના રોજ પ્રદેશ ભાજપ અધ્યક્ષની અધ્યક્ષતામાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળનારી છે. આ બેઠકમાં જિલ્લાના આગેવાનો અને જિલ્લા પ્રભારી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૪માં સી સી રોડનુ અધરુ કામ પૂર્ણ કરવા પ્રબળ માંગ

**તંત્ર દ્વારા વિભાગને રજુ કરાયેલી દરખાસ્ત અંગે કોઇ નિર્ણય લેવાતો નથી**

ગાંધીનગર તા૧૮

શહેરના સે ૨૪ માં રસ્તાના બાકી કામોનુ કામ પુર્ણ થઈ શકયુ નથી સેકટરમાં સી સી રોડ બનાવવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે.પરંતુ કેટલાક વિસ્તારમાં કામ પુરુ ન થતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. આ માટે તંત્ર દ્વારા વિભાગને રજુ કરાયેલી દરખાસ્ત અંગે પણ કોઈ કાર્યવાહી ન થતા બાકી કામ પુરુ થઈ શકયુ નથી.

શહેરના સેકટર ૨૪માં સી સી રોડના કામ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે સેકટરમાં દાયકાઓના અંતે રસ્તાઓ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# ગુમ પતિને શોધવા તાંત્રિક સુધી પહોંચનાર બોરીજની મહિલા છેતરાઈ

ગાંધીનગર, તા.૧૮

બોરીજ ગામમાં રહેતી મહિલા તેણીના ગુમ થઈ ગયેલા પતિને પરત લાવવા અનેક પ્રયત્નો કરી ચુકી પરંતુ પતિ મળી ન આવતા આખરે એક તાંત્રીકનો માર્ગ પકડયો..! એક અખબારમાં 'બંગાલી કાલા જાદુ'ની જાહેરાત વાંચીને મહિલાએ તાંત્રીકનો સંપર્ક કર્યા બાદ તાંત્રીકે તબક્કાવાર વિધી કરવા માટે બેંક ખાતામાં રૂપિયા મંગાવ્યા તે અત્યાર સુધી રૂ. ૫૨,૪૦૦ મહિલા પાસેથી ખંખેર્યા પરંતુ આઠ મહિના બાદ પણ પતિ પરત ન ફરતા મહિલા સમજી ગઈ કે તાંત્રીકે તેણીને છેતરીને રૂપિયા ઉઘરાવ્યા છે. મહિલાની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

બોરીજ ગામમાં રહેતી મહિલા ફિરોજાબાનુ શેખના પતિ ઘણા સમયથી લાપતા છે. પડોશી-સંબંધી અને સગા-વ્હાલાઓના ત્યાં તથા મિત્ર વર્તુળમાં પણ શોધખોળ કરી પરંતુ કયાંયથી સગડ ન મળતા આખરે આઠેક મહિના પહેલા એક અખબારની પૂર્તિમાં એક જાહેરાત વાંચીને ફિરોજાબાનુ ભ્રમિત થઈ ગયા! બંગાલી કાલા જાદુ શિર્ષકથી રાજસ્થાનના મહેશ જોષી નામથી

**'બંગાલી કાલા જાદુ' ના તાંત્રિકના બેંક ખાતામાં લાચાર મહિલાએ રૂ. ૫૨,૪૦૦ જમા કરાવ્યા પરંતુ આઠ મહિના બાદ પણ પતિ ઘરે પરત ન ફર્યો : અજાણ્યા તાંત્રિક સામે પોલીસ ફરીયાદ**

સમસ્યા નિવારણની જાહેરાત છપાવવામાં આવી હતી આ શખ્સે મહિલાને તેણીના પતિ ઘરે પરત આવી જશે તેવી વિધિઓ કરવાના નામે તક્કાવાર પોતાના બેંક એકાઉન્ટમાં રૂપિયા મંગાવ્યા અને મહિલાએ રૂ. ૫૨,૪૦૦ તબક્કાવાર તાંત્રીકના બેંક ખાતામાં નાંખ્યા પરંતુ આઠ મહિના બાદ પણ પતિ પરત ન ફરતા આખરે છેતરપીંડી વિશ્વાસઘાત અંગે મહિલાએ સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ આપતા પીએસઆઈ આઈ.ડી. રાઠોડે તપાસ શરુ કરી છે.

નોંધણી ભવનમાં નવરાત્રી - ગાંધીનગરમાં સર્વત્ર નવરાત્રીનો માહોલ છવાયો છે. સે-૧૪માં સ્ટેમ્પ અને નોંધણી ભવન ખાતે કર્મચારીઓ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવનની ત્રણેય વિંગના કર્મચારીઓ કચેરી શરૂ થતા તેમજ બપોરે રિસેષના સમયે માતાજીની આરતી ઉતારી ભકિતભાવપૂર્વક ગરબે ઘુમ્યા હતાં. (તસવીર : નિકુંજ પી. વૈશ્યક)


બીજી વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

: જન્મ : ૨૯-૦૧-૧૯૪૩ : સ્વર્ગવાસ : ૧૯-૧૦-૨૦૧૩

**સ્વ. સુ.શ્રી કુમારી વિનયબેન અંજારિયા**

નિવૃત્ત : પ્રિન્સીપાલ, સરકારી હા.સે. શાળા-ગાંધીનગર

મારા પૂજ્ય મોટાબેન એવા (વડનગરાનાગર) જાજરમાન વ્યક્તિત્વ, સિંહ જેવી ખુમારી છતાં અત્યંત કોમળ હૃદય, પ્રેમાળ, લાગણીશીલ, હંમેશા બીજાને આપવાની ભાવના, વિદ્યાર્થીઓમાં ખુબ જ લોકપ્રિય, નિષ્ઠા-પ્રમાણિકતા, સંસ્કાર, જ્ઞાનનું સિંચન સતત અમારામાં કરતા રહી એકાએક ૪૦ વર્ષના સહવાસ બાદ ચાલ્યા ગયા !! આપની રસોઇકળા, સંગીતની સાધના, સેન્સ ઓફ હ્યુમર, હાજર જવાબી, ગરબાના તજજ્ઞપણાનો આજે પણ સતત એહસાસ થતો રહે છે. સર્વગુણસંપન્ન એવા આપ જન્મોજન્મ માતા-બહેનના સ્વરૂપમાં મળતા રહો તેવી જીવનની મુખ્ય ઈચ્છા... ઈશ્વર આપશ્રીના આત્માને પરમ મોક્ષ અને શાંતિ આપે... અથાગ પ્રયત્નો છતાં બચાવી શક્યા નથી તેનો સતત રંજ રહેશે...

કિશોર અંજારિયા (નાનો ભાઈ) પૂર્વ જોઈન્ટ ડાયરેક્ટર-ગુજરાત પાણી પુરવઠા બોર્ડ,
સિનિયર પત્રકાર-લેખક અને ગાંધીનગર એકેડીટેડ પ્રેસ ક્લબ ગાંધીનગરના પ્રમુખ
પ્લોટ નં. ૪૭૦/૧, "સ્વર વલ્લરી", સેક્ટર - ૩-સી, ગાંધીનગર-૩૮૨૦૦૬.
ફોન : ૦૭૯ - ૨૩૨૨૬૬૧૪, ૨૩૨૨૫૩૨૧ મોબાઈલ : ૯૪૨૭૩ ૦૬૫૦૮

**ગાંધીનગર માટે**

LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ**

રડી પડે છે આંખ અમારી જોઈ તસ્વીર તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમને ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યુ નહિ.
હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી.
સૌના હૃદયના સંભારણા દિલમા રાખી ગયા.
આંખો હજી નિહાળે છે તમને,
અંતર હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે ત્યારે
મન મૂકીને રડાવે છે અમને.
અલ્લાહ આપને જન્નત અતા ફરમાવે
તેવી પ્રાર્થના અમારી.

અહેમદખાન નુરમહંમદખાન નાગોરી
અવસાન : ૧૯/૯/૨૦૧૫
રિટાયર્ડ ડેપ્યુટી કલેક્ટર

મો. : ૯૪૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦

**સમસ્ત નાગોરી પરિવાર**



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com